# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

સર્કસી ગૂંલાટોના હવે ઝૂલા પડી ગયા છે,
સ્વાર્થની ગલીમાં સિધ્ધાંતો ભૂલા પડી ગયા છે,
ચડી ગયા ચૂલા, ઉકળે આંધણ, નારાજીનાં -
'સેવા'ના કદમ કોંગીનાં લૂલાં પડી ગયા છે.

**હાઇકુ**

...ને ઠેર ઠેર
રાહુલના લગાણે -
પ્રકટી હોળી..
(બળવા-રાજીનામાં-પક્ષાંતર)

આખરે કર્યાં -
'ચિમનભાઇ જૂથ'
નખ વેગળા..
(સિધ્ધાર્થભાઇ શું કરશે?)

## ચિંતન

**પંડિતે ચેવ મૂર્ખે ચ બલવત્યપિ દુર્બલે**
**ઇશ્વરે ચ દરિદ્રે ચ મૃત્યોસ્સર્વત્ર તુલ્યતા ॥**

'વિદ્વાન હોય કે પછી મૂર્ખ, બળવાન હોય કે નિર્બળ, શ્રીમંત હોય કે દરિદ્ર મૃત્યુ તો સર્વને સરખાં જ ગણે છે.'

સંસાર-વ્યવહારમાં અને સમાજમાં જાત-પાત, ધનવાન-ગરીબ અને ઊંચ-નીચને કારણે માનવીઓ-માનવજાત સાથે જ - માનવતા ભૂલીને - ભેદભાવ ઉભા કરી - ગમા-અણગમા, સ્પર્શ-અસ્પૃશ્ય, પવિત્ર-અપવિત્રની દિવાલો ઊભી કરે છે.

પ્રાણી માત્ર જે જીવંત છે, શ્વાસોશ્વાસની ક્રિયા કરે છે તે તમામ જીવ-જંતુ, પ્રાણીઓ, કોડી-શંખલાં જેવા જીવથી હિપોપોટેમસ-હાથી અને વિશાળ કદના માનવી બધાં પ્રાણી-શક્તિ તો નાનો આત્મા-જીવ અંગૂઠા જેવડો જ હોય છે, એને પરિણામે બધાં જ પ્રાણી ચેતનવંતા રહે છે, અને આ જીવ જયારે શરીર છોડી દે ત્યારે માત્ર ખોડિયું રહે છે જે થોડા જ કલાકમાં 'ગંધ' મારવા લાગે છે.

મૃત્યુનો દેવ ન્યાયી છે. જયારે-જેના શ્વાસો નો સમય પૂર્ણ થાય (ઇશ્વરે દરેકને કેટલાં શ્વાસ લેવાના છે તેની સંખ્યા નિશ્ચિત કરીને જ મોકલ્યા છે) એ પૂરા થાય કે તરત જીવ, શરીરને છોડી દે. યમરાજને બધાં પ્રાણી એકસમાન છે. ત્યાં ભેદભાવ-લાગવગ, દબાણ-ઓળખાણ કંઇ જ કામ આવતું નથી.

## સુવિચાર

- જગતને દુઃખમય બનાવનાર દુષ્ટ શબ્દોમાંથી, વગર વિચારે બોલાયેલી વાણી જ છે- **બર્ક**
- એક વખત બોલાયેલા શબ્દો કદાપિ પાછા ખેંચી શકાતા નથી - **ડિલ્સન**
- દેડકો ગમે તેટલા મોટા અવાજે બોલી વધુ ઘોંઘાટ કરી શકે પણ તે ખેતરનું હળ ખેંચી શકતો નથી - **ખલિલ જિબ્રાન**
- જયારે તમારી દલીલો-વાદ-વિવાદ સાથે કોઇ જલ્દી સંમત થઇ જાય કે મૌન થઇ જાય ત્યારે સમજવું કે તમારી જ ભૂલ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- વિરોધીઓ સાથે વિવાદ શક્ય નથી, સમજાવટની શક્યતા છે - **ડિજરાયેલી**
- ભોજન સમયે ગુસ્સો કરી વાદ-વિવાદ કરવો હિતાવહ નથી - **વ્હૈટલ**
- આ સમાજમાં વાદ-વિવાદ-દલીલો કરનારા તો અનેક છે, સત્ય સ્વીકારનારા જૂજ હોય છે - **સ્વામી ચૈતન્ય**

## બોધ કથા

આજકાલ ઉદ્યોગપતિઓ, કાળાબજારીયા, સત્તાધારી અને વિરોધપક્ષોને બંનેને ચૂંટણી ફંડ આપી 'પ્રસન્ન' રાખે છે, જેથી ઓછા ભાવે જમીનો અને સરકારી સલવતો મળતી રહે અને વિરોધ પક્ષો મોઢું 'બંધ' રાખી બધું જોયા કરે!

રાજા જેમ્સના સમયમાં ઇંગ્લેન્ડમાં મોટો દુષ્કાળ પડ્યો. રાજાએ આપાતકાલીન મિટીંગ બોલાવી પ્રધાનોને ઉપાય શોધવા કહ્યું.

એક બુધ્ધિશાળી પ્રધાને ઉપાય શોધી કહ્યું, નગરના ધનિક વેપારી-ઉદ્યોગપતિઓને ડીગ્રી-પદ-ખિતાબ આપો ને બદલામાં રાજકોષ-તિજોરીમાં ફંડ આપવાનું કહી તિજોરી ભરો!

જેમ્સને આ સલાહ ગમી ભાવ-કોષ્ટક નક્કી કર્યું, 'લોર્ડ'ની ઉપાધિ માટે એટલા લાખ, 'સર' માટે એટલા લાખ 'ડ્યુક' માટે એટલા કરોડ વગેરે.. રાજાને તો ટંકશાળ પડવા લાગી..

એવામાં એક કૌભાંડી રાજકારણી આવ્યો. તેના પર કોર્ટ કેસ-સીબીઆઇની તપાસની તલવાર લટકતી હતી. એણે આવીને રાજા જેમ્સને કહ્યું, તમે મને 'કલીનચીટ' આપી 'સજ્જન' જાહેર કરો તો મારી ખાયકીના ૫૦% તમને જમા કરાવી દઉં!

રાજાએ મનોમન મનમોહનને યાદ કર્યા પણ હિંમત હાલી નંઇ, કહ્યું મારાથી 'સજ્જન'ની ઉપાધિ તો ન અપાય એ તો પ્રજાજનો અને જનસમાજ જ નક્કી કરી શકે!!

# શ્રધ્ધા બહારથી પ્રાપ્ત કરવાનો પદાર્થ નથી, એ તો આપણાં આંતર મનમાં ઉદ્‌ભવતી અનુભૂતિની ચિનગારી છે, જે સદાય પ્રજ્જવલિત રહે તે જરૂરી છે

**સંસ્કાર ચિંતન**
**અનંત. વ્યાસ**

**'શ્રધ્ધાં દેવા યજમાના વાયુગોપા અપાસતે**
**શ્રધ્ધાં હૃદયયાકૂત્યા શ્રધ્ધયા વિન્દતે વસુ'**

**- ઋગ્વેદ ૧૦-૧૫૧-૪**

'દેવગણ તથા યાજક - મનુષ્યો વાયુ દેવના સંરક્ષણમાં શ્રધ્ધાની ઉપાસના કરે છે. અંતઃકરણમાં કોઈ સંકલ્પના જાગૃત થવાની વ્યક્તિ શ્રધ્ધાનો આશરો લે છે. અને શ્રધ્ધાથી જ મનુષ્ય ધન વૈભવ પ્રાપ્ત કરે છે.'

વેદ તથા ઉપનિષદો ભારતીય સંસ્કૃતિના આધાર સ્તંભો છે. વેદમાં રાષ્ટ્રના ઉત્થાન માટેના સોનેરી સૂચનો મળે છે. તેમજ કોઈ પણ રાષ્ટ્રના પતનમાં કયા પરિબળો ભાગ ભજવે છે તેનું પણ યોગ્ય નિરૂપણ છે. રાષ્ટ્રના ઉત્થાન-પતનને લગતાં સૂક્તોની જેમ જ વ્યક્તિગત જીવનમાં આત્મબળ કેળવવાના તથા ચારિત્ર્ય - નિર્માણને લગતા સૂક્તો પણ છે. આત્મબળ કેળવવાના તથા ચારિત્ર્યનિર્માણને લગતા સૂકતો પણ છે. ઉપરોક્ત મંત્ર ઋગ્વેદના દસમા મંડળના ૧૫૧માં સૂક્તમાં છે.

શ્રીમદ્ ભગવદ્ - ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે ગુણ ત્રિવિભાગ પ્રમાણે ત્રણ-પ્રકારની શ્રધ્ધાની ચર્ચા કરી છે. સાત્વિક - રાજસી તથા તામસ... આમાં મહત્ત્વની વાત તો એ છે કે દરેક વ્યક્તિમાં કોઈને કોઈ પ્રકારની શ્રધ્ધા રહેલી હોય છે. સાવ શ્રધ્ધાહીન વ્યક્તિ શોધવી અતિશય મુશ્કેલ છે. જે વ્યક્તિ પોતાને નાસ્તિક ગણાવે છે, તે પણ કોઈને કોઈ સિધ્ધાંત તથા વ્યક્તિ પરત્વે શ્રધ્ધા ધરાવતા હોય છે. માનવીના જીવન જીવવા માટેનું અતિ મહત્ત્વનું ઔષધ શ્રધ્ધા છે. કવિઓએ આશાને જીવનની મધુર છતાં કડવી વેલ કહી છે. જયારે શ્રધ્ધાને અતિ કોમળ - મધુર તથા સર્વશ્રેષ્ઠ અનુભૂતિ તરીકે બિરદાવેલ છે. ગીતાજી તો સ્પષ્ટ કહે છે કે માનવી જેવી અને જે પ્રકારની શ્રધ્ધા ધરાવતો હોય તેવા જ તેના આચાર-વિચાર હોય છે. કોઈ પણ માનવીના વિચારોને જો જાણી શકીએ તો તેના અંતઃકરણમાં રહેલા શ્રધ્ધાના ભાવને પણ જાણી શકીએ. કારણ કે અંતઃકરણમાં જયારે કોઈ સંકલ્પના જાગૃત થાય છે, ત્યારે તે શ્રધ્ધાનો જ આશરો લે છે. શ્રધ્ધાને તો હૃદયના ઉચ્ચા ભાવનાના પ્રતિક તરીકે સમજવી જોઈએ. સદ્ - વસ્તુ પરત્વેની શ્રધ્ધા માનવીને ઉચ્ચ-સ્તરે લઈ જવામાં કારણભૂત બને છે. શ્રધ્ધાથી જ માનવીનું આધ્યાત્મિક જીવન વધારે ઉજ્જવળ તથા સફળ બને છે.

આધ્યાત્મિક જીવનમાં પરમ તત્ત્વ તરફના શ્રધ્ધાના અભાવે આગળ વધી શકાતું નથી. દેવ તથા સદ્‌ગુરૂ પરત્વેની શ્રધ્ધા વ્યક્તિને વધારે નમ્ર બનાવે છે, પોતાનાં કર્મ પરત્વેની શ્રધ્ધાથી વ્યક્તિમાં સ્વમાન તથા સ્વાભિમાન પ્રગટે છે. સ્વજાત પરની શ્રધ્ધાને કારણે વ્યક્તિ કોઈ પણ પ્રકારની કસોટીમાથી પસાર થઈ શકે છે. વ્યવહારિક જીવનમાં પાયામાં પણ શ્રધ્ધા મહત્ત્વનું પરિબળ મનાય છે. શ્રેષ્ઠ જીવન માટે ગણ મહત્ત્વના સોપાન તરીકે શ્રધ્ધા, વિશ્વાસ તથા પ્રેમને સ્થાન મળ્યું છે. ભગવાન સદાશિવ પણ 'શ્રધ્ધાવિશ્વરૂપિહો' ના નામે પૂજાયા છે. જયાં શ્રધ્ધા છે ત્યાં દરેક પ્રસંગ દીપી ઊઠે છે. પ્રથમ દૃષ્ટિએ તદન અશક્ય લાગતું કાર્ય પણ શ્રધ્ધાને કારણે જ શક્ય બને છે. આમ શ્રધ્ધા, સદ્‌કર્મ કરવામાં પ્રેરણારૂપ બને છે. શ્રધ્ધા અને વિશ્વાસ પરસ્પરલંબી મનાય છે. જે વ્યક્તિ પરત્વે મનમાં શ્રધ્ધા હોય તેના પર વિશ્વાસ મુકી શકાય છે. શ્રધ્ધા તથા વિશ્વાસના કારણે ઉપસ્થિત થતું વાતાવરણ પ્રેમના કારણે વધારે સુગંધિત બને છે. પ્રેમ તો સમાન ભાવમાં રાચતી વ્યક્તિઓને સાંકળતી અદ્‌ભૂત કડી છે. જે વ્યક્તિ આ ત્રણ સદ્‌ગુણો પોતાના જીવનમાં ધારણ કરે, તેનું આચરણ કરે તેના જીવન - માર્ગના તમામ કષ્ટો આપોઆપ દૂર થાય છે. તે વ્યક્તિ શ્રધ્ધાના બળે જ સંસાર-સાગર ને તરી જાય છે.

જેના જીવનમાં શ્રધ્ધાનાં બીજ પડેલાં હોય તેનાં કર્મો સદૈવ શુભ તથા સંતોષપ્રદ હોય છે. સદ્‌ભાવ તથા સદ્ તરફની તેની શ્રધ્ધા તેને અશુભ તથા અયોગ્ય વર્તન કરતાં અટકાવે છે. જયાં શ્રધ્ધારૂપ ભાંગળ ભીડાય જાય ત્યાં અંતરમાં અશુભ ન જ પ્રવેશી શકે. પણ જેની શ્રધ્ધા ડગી જાય છે. તેનો પછી કોઈ આરો કે ઓવારો રહેતો નથી. શ્રધ્ધાનો સથવારો માનવ - જીવનમાં સૌથી મોટો સથવારો છે. કોઈ પણ વ્યક્તિ, મૂર્તિ કે સિધ્ધાંત પરત્વેની વિશ્વાસપૂર્વકની માન્યતાથી અનેક ક્ષેત્રોમાં નામના પ્રાપ્ત થાય છે. જયાં શ્રધ્ધા છે ત્યાં આળસ - પ્રમાદ તથા અસંતોષ આવી શકતા નથી. આંતર મનમાં જાગતી તમામ સંકલ્પનાઓ, પ્રગટતી અનેક ભાવનાઓ, મનમાં ઉદ્‌ભવતા વિચારો, તથા બુધ્ધિ દ્વારા લેવાતા નિર્ણયોમાં શ્રધ્ધા જ મહત્ત્વનો ભાગ ભજવે છે.

શ્રધ્ધા અંતઃકરણમાં પ્રસન્નતા પ્રગટાવે છે. ગીતાજીમાં દર્શાવાયું છે કે, જે પ્રસન્નતા પામે છે. તેના તમામ દુઃખો નાશ પામે છે અને તેની બુધ્ધિ સ્થિરતા પામે છે.' ચિત્તની પ્રસન્નતા એ બહુ મોટી વાત છે. રોગ તથા દુઃખોમાં સબડતો માનવી પરમ - તત્વ પરત્વે જો શ્રધ્ધા કેવળે તો આધિ - વ્યાધિ તથા ઉપાધિથી મુક્ત બની જાય છે. પ્રસન્ન - ચિત્તનાં માનવી જાણે અજાણે આસપાસના વાતાવરણ પર અસર પાડતો હોય છે. સંતો સદૈવ પ્રસન્ન ચિત્તે રહે છે. તેથી જ સમાજ પર તેઓની ભારે અસર જોવા મળે છે. કેટલાય સંતોના જીવનમાં વિકટ પ્રસંગો આવ્યા છે, પરંતુ પ્રભુ - શ્રધ્ધાથી તેઓ તરી જાય છે. મીરાંની અડગ શ્રધ્ધા વિષેને પણ અમૃત ફેરવી શકે છે. રાતભર જેલમાં રહેનાર નરસિંહ - મહેતાની શ્રધ્ધા પણ ડગી ન હતી. વિકટ સમસ્યાનાં ઉકેલમાં પણ શ્રધ્ધા જ અંતિમ ભાગ ભજવે છે.

શ્રધ્ધાહીન વ્યક્તિ તો જીવનમાં આવતાં સામાન્ય પડકારથી પણ ડરી જાય છે. નાનું સરખું કામ પણ પોતાની નહીં થઈ શકે તેવું તે માને છે. સતત તનાવ વચ્ચે તેઓ જીવે છે. આવી વ્યક્તિ ન તો સફળતા પ્રાપ્ત કરી શકે. ન તો સમાજને દોરી શકે. કોઈ પણ પ્રકારની જવાબદારી ઉપાડવાની હિંમત તેઓ નથી દેખાડી શકતા. જેને પોતાની જાત પર શ્રધ્ધા કે વિશ્વાસ ન હોય તેને સમાજના કોઈ મૂલ્ય પર તો પણ ભાવ ન હોય. કાર્ય કરવાં કરતાં ગલ્લાં - તલ્લાં કરી છટકી જવાનું તેઓને વધારે ગમે છે. ભગવાન કૃષ્ણ કહે છે. શ્રધ્ધાવિહીન લોકોને આ લોક તથા પરલોકમાં - કઈ પ્રાપ્ત થતું નથી. સંશયાત્મા વિનશ્યતિ પ્રમાણે તેઓ વિનાશ પામે છે.

શ્રધ્ધા અંગેની વાત કરતાં અંધશ્રધ્ધા પરત્વે પણ લક્ષ્ય આપવું જોઈએ. જે વાત સામાન્ય બુધ્ધિમાં ન ઊતરે તેવી હોય, જે વાત પર વિચારવાન વ્યક્તિઓ વિશ્વાસ ન મૂકે, તેવી વાતો પણ સમજ્યા વિના વિશ્વાસ રાખવો તે અંધશ્રધ્ધા છે. અન્યના દોરાવ્યા દોરવાઈ જવું - પોતાની બુધ્ધિથી વસ્તુનો વિચાર ન કરવો તે પણ અંધશ્રધ્ધા જ ગણાય. આપણે ત્યાં કષ્ટ સાધ્ય રોગોમાં, ભૂત-પ્રેતની માન્યતાઓ, પિતૃદોષ અંગે વધારે પડતી અંધશ્રધ્ધા જોવામાં આવે છે. તાંત્રિક વિધિ કરી પેટ ભરનાર માટે આવા અંધશ્રધ્ધાળુઓ જરૂરી બની જાય છે. તેથી તાંત્રિકો જાત-ભાતની અફવાઓ ફેલાવતા રહે છે. જાગૃત વ્યક્તિઓ તો જાતે વિચારે છે માર્ગ શોધે છે. સદ્ - અસ્‌દનો વિવેક કરે છે. અને યોગ્ય - અયોગ્યનો નિર્ણય પણ વિવેકના જ આધાર પર લે છે. પરિણામે જાગૃત વ્યક્તિ કયારેક અંધશ્રધ્ધામાં અટવાતી નથી. કોઈએ કહ્યું છે. 'અંધશ્રધ્ધા શબ્દ અયોગ્ય છે. કારણ કોઈ પણ સાચી - જૂઠી - દંભી વાત પર તમે શ્રધ્ધા મુકો છો ને તે પ્રમાણે વર્તન કરો છો. તેથી તમે શ્રધ્ધાળુ જ કહેવાઓ' પણ જો યોગ્ય વિચારણા કર્યા વિના, જે વાત બુધ્ધિની કસોટી પર ખરી ન ઉતરે - તેવી વાતો પર શ્રધ્ધા મુકાય તો તેવી જ શ્રધ્ધઆ અંધશ્રધ્ધાનું નામોનિશાન પામે છે.

મંત્રમાં 'વિન્દતે વસુ' શબ્દ પ્રયોજ્યો છે. 'વસુ' શબ્દ માત્ર ધન કરતાં વધારે વ્યાપક અર્થ ધરાવે છે. 'વસુ' માં અર્થ, યશ, કીર્તિ, સાંસારિક સુખ-વૈભવ - તમામનો સમાવેશ થઈ જાય છે. વસુ' નો એક અર્થ રત્ન થાય છે. પૃથ્વીને આપણે વસુધા કહીએ છીએ. તો શ્રધ્ધાવાન વ્યક્તિ સુખ-વૈભવ - યશ - કીર્તિ પામે છે. તે તેને આપોઆપ પ્રાપ્ત થાય છે. સામાન્ય જન - સમાજમાં પણ શ્રધ્ધા ફળે છે, તેવી માન્યતા છે જ.

આપણે કાયમ માટે આપણાં આંતર - મનમાં, હૃદયમાં શ્રધ્ધાની જ્યોતિ પ્રગટાવેલ રાખવી જોઈએ. શ્રધ્ધાના શ્વેત - ઉજ્જવળ પ્રકાશની મદદ વિના કોઈ કર્મ યોગ્ય - પ્રકારે નથી થઈ શકતું. આપણા સમગ્ર જીવનના તમામ પાસાંઓ પર શ્રધ્ધા પુરેપુરી ઓતપ્રોત થઈ જાય તે જરૂરી છે. મતલબ કે શ્રધ્ધા જ આપણા જીવાતા જીવનનો અંશ બની જાય. આપણા ક્ષણ - ક્ષણના કાર્યમાં, ડગલે ને પગલે શ્રધ્ધાના દોરાવાયા જ આપણે દોરવાઈએ. શ્રધ્ધા બહારથી પ્રાપ્ત કરવાનો પદાર્થ નથી. એ તો આપણાં આંતર મનમાં ઉદ્‌ભવતી અનુભૂતિની ચિનગારી છે, જે સદાય પ્રજ્જવલિત રહે તે જરૂરી છે.

# કુદરત નિર્મિત વિશિષ્ટ એવા આ માનવ ઉપયોગી જીવોની સેવાનું મૂલ્ય ફક્ત તેના રક્ષણ દ્વારા જ ચુકવી શકાય

**વન્યસૃષ્ટિ પરિચય**
**રાતના રખેવાળ - ચામાચીડિયાં**
**- હેમંત સુથાર**

વિશ્વમાં સસ્તન વર્ગના ઉડી શકતાં એકમાત્ર પ્રાણીની ચામાચિડીયા હસ્તપક્ષ શ્રેણીના સભ્યો છે. હસ્તપક્ષનો અર્થ થાય જેના હાથ પાંખો જેવા છે તેવા જીવો. આ પ્રકારના જીવોને બે ઉપ શ્રેણીમાં / ઉપશ્રેણી વહેંચવામાં આવ્યા છે. પ્રથમ ઉપશ્રેણી છે. માઇક્રોચિપ્ટેરા (લઘુ હસ્તપક્ષ) અને બીજી શ્રેણી છે, મોગા ચિપરોપ્ટેરા (મહા હસ્તપક્ષ). માઇક્રો ચિરોપ્ટેરા ઉપશ્રેણીમાં સામેલ નાના કદના ચામાચિડીયા કીટાહારી છે અને હસ્તપક્ષમાં તેની વિશ્વમાં ૭૦ % જેટલી જાતિઓ છે. જયારે મેગા ચિરોપ્ટેરા મોટા કદના ફળાહારી ચામાચિડીયા છે. વિશ્વમાં ચામાચીડિયાઓની કુલ ૧૧૧૧ થી વધુ જાતિઓ છે. સસ્તન પ્રાણીઓમાં તેમનું પ્રમાણ ચોથા ભાગનું કહી શકાય. આપણાં ભારત દેશમાં ૧૧૧ થી વધુ ચામાચીડિયા જાતો છે. હસ્તપક્ષ એટલે કે ચામાચીડિયાં અને વાગોળો બધી જ નિશાચર છે. યુનાઇટેડ નેશન્સ એન્વાયરમેન્ટ પ્રોગ્રામ (યુ.એન.ઇ.પી) હેઠળ વર્ષ ૨૦૧૧ - વર્ષ ૨૦૧૨ એમ બે વર્ષને 'ઇન્ટર નેશનલ યર ઓફ ધી બેટ' - આંતરરાષ્ટ્રીય ચામાચીડિયાં વર્ષ તરીકે જાહેર કરાયા છે. આ પાછળનો મુખ્ય હેતુ એ છે કે ચામાચીડિયાં એવા જીવો છે કે જે માનવ સમાજ માટે ઘણાં બધાં ઉપયોગી હોવા છતાં તેનાથી આપણે સહુ અજાણ છીએ અને આજે ચામાચીડિયાઓની વિવિધ જાતિઓ ભય હેઠળની યાદીમાં સામેલ થઇ ચૂકી છે. ચામાચીડિયાંની કુલ જાતિઓમાં ૨૫ % જેટલી એટલે કે અંદાજે ૨૭૫ થી વધુ જાતિઓ લુપ્ત થવાના ભય હેઠળ છે. વિશ્વ કક્ષાએ આઇ.યુ.સી.એન. નામની સંસ્થા દ્વારા સહુથી વધુ ૧૦૦ જીવો કે જે આ લુપ્ત થવાની યાદીમાં મોખરે છે, કે જેની વધુમાં વધુ ચિંતા કરવાની આવશ્યકતા છે. તેવી યાદીમાં બુલેચર ફળભક્ષી વાગોળોની સંખ્યા હવે સમગ્ર વિશ્વમાં ફક્ત ૧૫૦ જેટલી જ રહેવા પામી છે.

એક પછી એક કેટલા બધા જીવોને બચાવવા માટે પગલાં લેવા આહ્‌વાન કરવામાં આવે છે તે એક ગંભીર બાબત છે. માનવોને ઉપયોગી જીવો છે કે કેમ? તે બચાવ માટેના પ્રયાસો માટેનો મુખ્ય વિચાર બને છે ત્યારે ચામાચીડિયાં અને તેજ શ્રેણીની વાગોળો માનવ જાતને કેટલી ઉપયોગી છે, તે જાણવું પણ જરૂરી છે.

કીટકો ખાનારા લઘુ હસ્તપક્ષ ઉપશ્રેણીના ચામાચીડિયાઓ એક રાત્રિ દરમિયાન તેમના શરીરના વજનમાં ઉડધા વજન જેટલાં કીટકો ખાય છે. મુખ્યત્વે રાત્રી દરમિયાન કીટકોનો સંહાર કરતાં આ જીવો મુખ્ય છે. સિંગલ માઉસ ઇયર્ડ બેટ (ચામાચીડિયાં) યુરોપ તથા ઉત્તર અમેરિકામાં જોવા મળે છે. જે રાત્રી દરમિયાન એક કલાકમાં ૧૦૦૦ થી વધુ મચ્છક કક્ષાનાં જીવાતો ખાઇ જાય છે. તેજ રીતે લીટલ બ્રાઉન માયોટીસ ચામાચીડિયાં પણ એક કલાકમાં ૬૦૦ થી ૧૦૦૦ જેટલાં કીટકો ખાય છે.

ટેક્સાસના ઓસ્ટીન ખાતે ફ્રીટેઇલ બેટ્સૂ નામના ચામાચીડિયાંની ૨૦૦ લાખથી સંખ્યા ધરાવતી વિશાળ વસાહત છે. આ જગ્યાએ રાત્રી દરમિયાન આટલી મોટી સંખ્યામાં ઉડતાં ચામાચીડિયાં જોવા માટે પ્રવાસીઓનો મેળો જામે છે. તેનાથી ત્યાંની સરકારને ૧૨૦ લાખ ડોલર આવક થાય છે. ઉપરાંત આ ચામાચીડિયાં એક જ રાતમાં ૨૦૦ ટન જેટલા વજનની જીવાતો ખાઇ જાય છે. જે સ્થાનિક ખેડૂતે માટે લાભદાયી નિવડે છે. ખાસ કરીને ચોખા, મકાઇ અને કપાસના પાકોને નુકશાન કરતી જીવાતો પાછળ કરવો પડતો જંતુનાશક દવાઓનો ખર્ચ ચામાચીડિયાઓની આ મફ્ત સેવાને કારણે બચે છે. આ એક પ્રકારના જૈવિક નિયંત્રકો છે. આટલી મોટી સંખ્યા હોવા છતાં એક સંશોધન પ્રમાણે છેલ્લા ૩૦ વર્ષમાં ચામાચીડિયાઓથી ત્યાંના માનવોનો કોઇ નુકશાન થયાનું નોંધાયું નથી.



મહા હસ્તપક્ષ ઉપશ્રેણીના ફળભક્ષી ચામાચીડિયાઓ કે જેમાં વાગોળો પણ સામેલ છે તે વનસ્પતિના બીજનો ફેલાવો કરવામાં અને પરાગનયનની ક્રિયામાં મોટા પાયે મદદરૂપ બને છે. એવું કહેવાય છે કે જંગલોની ૩૦૦થી વધુ વનસ્પતિઓના બીજનો ફેલાો કે પરાગનયન આ શ્રેણીના જીવો દ્વારા થાય છે. એક ફલાઇંગ ફોક્સ (વડ વાગોળ) એક રાત્રી દરમિયાન ૬૦,૦૦૦ જેટલા બીજનો ફેલાવો કરી શકે છે. આવી વાગોળો રાત્રી દરમિયાન ૧૦૦ કિલોમીટર જેટલા વિસ્તારમાં સતત ઉડતી રહીને આ સેવા કરે છે.

જંગલી વૃક્ષોમાં જાંબુ, વડ, ઉંમરો, પીપળ, આસોપાલવ જેવા વૃક્ષોના બીજ ફેલાવાનું કાર્ય વાગોળો કરે છે. જયારે કેળા, ફણસ, જામફળ, પીંચ, આંબા, ખજૂર, અંજીર, કાજુ જેવા ઘણાંબધાં વૃક્ષોના પરાગનયનના કાર્યમાં વાગોળો મદદરૂપ બને છે. વર્ષાવનો અને કટિબંધીય વનોના અસંખ્ય વૃક્ષોના પરાગનયનનું કાર્ય વાગોળો કરે છે. પૂર્વ આફ્રિકામાં બાઓબા વૃક્ષો, અમેરિકામાં થોર, કેતકી, કુંવારપાઠા જેવી વનસ્પતિઓમાં પરાગનયન કરવામાં તે મદદરૂપ બને છે. તેમની મોટી વસાહતોમાંથી તેમની હગાર મોટા જથ્થામાં મળે છે, જે ઉત્તમ ખાતર તરીકે ઉપયોગમાં લેવાય છે.

હાનિકારક કીટકોના નાશ, પરાગનયન દ્વારા ફળો ઉછેરવામાં મહત્ત્વનો ફાળો અને બીજનો ફેલાવો કરવા જેવા કાર્યોનું નાણાંકીય મૂલ્ય અબજોમાં થાય. પર્યાવરણીય સંતુલન જાળવવામાં પણ આ જીવોનો મહત્ત્વનો ફાળો છે. આપણી ખેતી અને જંગલોનું રક્ષણ કરવામાં આ જીવો મહત્વની કડી છે.

જંગલોના નાશ, વસવાટ લાયક જગ્યાઓનો નાશ, ઇલેક્ટ્રીક તારની લાઇનો વગેરે ચામાચીડિયાં/વાગોળો માટે તેના અસ્તિત્વને જોખમમાં મુકતાં કારણો છે. ભારતીય વન્યજીવ સંરક્ષણ ધારા - ૧૯૭૨ હેઠળ આ જીવોને ઉપદ્રવી જીવો (Vermin) ની યાદીમાં મુકીને તેને રક્ષણ નથી અપાયું, તે એક દુઃખદ હકીકત છે.

કુદરત નિર્મિત વિશિષ્ટ એવા આ માનવ ઉપયોગી જીવોની સેવાનું મૂલ્ય ફક્ત તેના રક્ષણ દ્વારા જ ચુકવી શકાય.

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૨જી ડિસેમ્બર**

- **જીસસ સેવક સમાજ પૈકીના ૧ સભ્ય સંત ફ્રાન્સિર ઝેવિયરની પુણ્યતિથિ ૨-૧૨-૧૫૫૨.**

**હિન્દ, જાપાન જેવા દેશોમાં ખ્રિસ્તી ધર્મનો દૃઢમૂળ કરવામાં તેમનો ફાળો અનન્ય.**

- **મામા સાહેબ નામથી ઓળખાતા સર્વપ્રથમ અત્યંજસેવક 'વિઠ્ઠલ લક્ષ્મણ ફડકે' નો જન્મદિન.**

**'હરિજનો સાથે કુટુંબપેઠે રહેવાથી અસ્પૃશ્યતા નિવારણ થાય' તેવું સ્પષ્ટ કહેનારા. ટોપલો-મીઠું લઇને પોતે સફાઇનું કામ કરતાં.**

- **૧૯૭૧ - માજી રાજવીઓના સાલિયાણા - વિશિષ્ટ હક્કોની નાબૂદીનો ખરડો પસાર.**




- **કાપડ ઉદ્યોગના પિતા નિકોલસ લુઇ રોબર્ટનો જન્મ - ૧૭૬૧.**
- **૧૯૮૪ની મધરાતે ભોપાલમાં થયેલી ગેસ દુર્ઘટનાની હોનારત ફરી ન બને તે માટે જાગૃતિ કેળવવા ૨જી. ડિસે. ભોપાલ ગેસ હોનારત દિન યાદ કરાય છે.**

# ઇન્ફોર્મેશન એક્ટ ૨૦૦૬ની કલમ ૬૬ A ની સમજૂતી

## વાતચીતની સર્વિસ દ્વારા ગુનાહિત સંદેશા મોકલવા માટે શિક્ષા

**વાત કાનૂન કાયદાની...**
**- અશ્વિન વી. ત્રિવેદી**

ભારતનાં બંધારણમાં વ્યક્તિ સ્વાતંત્ર્યતાની આઝાદી છે. કોઇ પણ વ્યક્તિ કોઇ પણ વિષે. પોતાના અભિપ્રાયો, નિશંકોચ વ્યક્ત કરી શકે છે. પરંતુ આવા લખાણો - વિચારોથી કોઇની બદનામી થવી ના જોઇએ. પરંતુ કેટલાક કાયદાઓ આઝાદીનું અપહરણ કરવાનું કાર્ય કરે છે. જેનાનો એક કાયદો એટલે ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની ૨૦૦૬ની કલમ ૬૬A. હાલમાં શિવસેના અધ્યક્ષ બાલાસાહેબના નિધન બાદ ૨૧ વર્ષીય યુવતી શાહીન ધડાએ ફેસબુક ઉપર કોમેન્ટ પાસ કરતા તેની ધરપકડ કરવામાં આવેલ પાછળથી પોલીસ દ્વારા કાયુ કપાયાની જાણ થતાં પોલીસ કેસ પડતો મુક્વો પડેલ. જે અંગે ભારતભરમાંથી પ્રતિક્રિયા આવતાં હાલમાં સુપ્રીમ કોર્ટમાં આ કલમ રદ્દબાતલ અગર તો તેમાં જરૂરી સુધારા વધારા કરવા પીટીશન દાખલ કરવામાં આવેલ છે. જેમાં એટર્ની જનરલના અભિપ્રાયો સુપ્રીમ કોર્ટે મંગાવ્યા છે.

આ કલમ મુજબ કોઇ પણ પોલીસ અધિકારી તેનો દુરપયોગ કરીને ફેસબુક અથવા ઇન્ટરનેટની કોઇ પણ વેબસાઇટ ઉપરનું લખાણ લખનારને જેલ ભેગો કરી શકે છે.

સદર ગુનામાં ત્રણ વર્ષની જેલની અને દંડની જોગવાઇ છે. મ્યુ. મજી. હક્ક દ્વારા આવા કેસો ચલાવવામાં અને નિર્ણય કરવામાં આવે છે. જામીન ઉપર છોડ્યાની નામદાર કોર્ટને સત્તા છે.

સદર હુ ખરડો સંસદમાં પસાર કરવામાં આવ્યો ત્યારે ભાગ્યે જ કોઇ સાંસદે તેના વિશે જાણકારી મેળવી હશે. ૨૦૦૦ની સાલમાં આ કાયદો ઘડાયો ત્યારે ૬૬A ની જોગવાઇ નહોતી પરંતુ સાઇબર ક્રાઇમ વધતા ૨૦૦૬ના સુધારાથી કલમ ૬૬A ને એક કરવામાં આવેલ. કોઇ પણ વ્યક્તિ દ્વારા ભાષાની, છબિની, પ્રતિકૃતિની અભિવ્યક્તિ દ્વારા સંદેશા વ્યવહારોનો ઉપયોગ કરીને અત્યંત હાનિકારક અથવા હેરાન કરવાની ભાષા વાપરી બદનક્ષી ફેલાવે અરાજકતા ફેલાવે તો ત્રણ વર્ષની સજા અને રૂા. એક લાખના દંડની જોગવાઇ કાયદામાં કરેલ છે.

પરંતુ અહીં કઇ ભાષાને હાનિકારક ગણવી તેના વિશે સ્પષ્ટ અભિપ્રાય આપેલ નથી પરંતુ કોઇ પણ વ્યક્તિ જૂઠી માહિતીનો પ્રચાર પ્રસાર કરે, ગુસ્સો પ્રેરે, અગવડ ઉભી કરે, અવરોધ ઊભા કરે જેનાથી કોઇ પણ વ્યક્તિને જોખમ ઊભું થાય તો, અપમાન થાય, ધમકી આપવામાં આવે તો... શત્રુતા ઊભી કરે, નફ્રત કે ખરાબ લાગણી ઊભી કરે. ધાર્મિકતામાં લાગણી દુભાવે તો જ ત્રણ વર્ષની સજા અને દંડ થઇ શકે છે. આવું કૃત્ય કોઇ પણ વ્યક્તિએ લખાણ, સંદેશા, મેઇલ કે ઇમેઇલ દ્વારા મોકલવામાં આવ્યું હોય અને છેતરવામાં આવ્યાં હોય અથવા કોઇને ગેરમાર્ગે દોરવામાં આવ્યા હોય તો તેવી વ્યક્તિ સામે ફરિયાદ થઇ શકે છે.

તાજેતરમાં જ ચિત્રકાર અસીમ ત્રિવેદીની ધરપકડના કારણે આ મુદ્દો ચર્ચામાં આવેલ. કાર્ટૂનિસ્ટ જગદમ્બિકા મહાપાત્રની પણ આજ કલમ દ્વારા ધરપકડ કરવામાં આવેલ.

કેન્દ્રિય આઇ.ટી.પ્રધાન કપિલ સિબ્બલ સ્પષ્ટ પણે માને છે કે આ કલમનો દુરપોયગ થઇ રહ્યો છે. જેમાં સુધારાને અવકાશ છે. પણ આ કાયદાની અમલની સત્તા રાજ્ય સરકાર પાસે છે. આ કાયદાની બાબતમાં સુધારો કરવા કોઇ પણ રાજ્યે પહેલ કરેલ નથી. બીજી તરફ રાજ્ય સરકાર તેમજ પોલીસના

(અનુસંધાન પાન નં.૬ પર)